ૐ

આત્મસિદ્ધિ



શ્રીમદ્ રાજચંદ્ર હસ્તલિખિત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રનું સર્જન. આસો વદ-૧ સં. ૧૯૫૨ નડિયાદ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ॐ
આત્મસિદ્ધિ

શ્રીમદ્ રાજચંદ્ર હસ્તલિખિત

પ્રથમ આવૃતિ:
સં. ૨૦૫૬, ચૈત્ર વદ પાંચમ,
તા. ૨૩-૪-૨૦૦૦.

મુદ્રક:
અમૃત ઈન્ફો પ્રિન્ટ પ્રા. લી.
૧૦૮, ઈન્દ્રજીત કોમ્પલેક્ષ, ગોડાઉન રોડ,
૧૩, મનહર પ્લોટ કોર્નર,
રાજકોટ-૩૬૦૦૦૨. ફોન: ૦૨૮૧-૪૬૨૫૯૧

પ્રકાશક:
જયંતભાઈ એમ. શાહ
શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર
કોબા. જિ. ગાંધીનગર-૩૮૨૦૦૯ (ગુજરાત)
ફોન: (૦૨૭૧૨) ૭૬૨૧૯ ફેક્સ: ૭૬૧૪૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકાશકીય

ઉચ્ચ કોટિના શિષ્ટ સંસ્કારી, જીવનોપયોગી, સત્વશીલ અને આધ્યાત્મિક સત્સાહિત્ય સમાજને ચરણે ભેટ ધરવી તે આ સંસ્થાની એક આગવી પરંપરા છે.

શ્રમણ ભગવાન **શ્રી મહાવીરસ્વામી** અને પરમ તત્ત્વજ્ઞ પરમકૃપાળુદેવ **શ્રીમદ્ રાજચંદ્રજી**ના જીવન અને ઉપદેશ-વચનામૃતનો આ સંસ્થાના આદ્યસ્થાપક પરમ શ્રદ્ધેય સંતશ્રી **આત્માનંદજી**ના જીવન ઉપર પરિવર્તનકારી જબરદસ્ત પ્રભાવ પડેલ છે.

શ્રી વીરપ્રભુની ૨૬૦૦મી જન્મજયંતી તથા પરમકૃપાળુદેવ **શ્રીમદ્ રાજચંદ્ર**જીના દેહોત્સર્ગ શતાબ્દીવર્ષ નિમિત્તે **શ્રી આત્મસિદ્ધિ** તેઓશ્રીના પુનિત કરકમળમાં આત્મભાવે સાદર સમર્પિત કરીએ છીએ.

આ પુસ્તિકા સમાજના સૌ કોઈને પરમ ઉપકારી બનો અને તેના વારંવાર અભ્યાસથી સત્પાત્રતાની વૃદ્ધિ થઈ, આત્મજ્ઞાનની પ્રાપ્તિ થાઓ તેવી હાર્દિક ભાવના ભાવીએ છીએ.

કોબા - સં.૨૦૫૬, ચૈત્ર વદ ૫,
તા. ૨૩-૪-૨૦૦૦

પ્રકાશન સમિતિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત,
સમજાવ્યું તે પદ જેણે - શ્રી સદ્‌ગુરુ ભગવંત. ૧

જે આત્મસ્વરૂપ સમજ્યા વિના ભૂતકાળે હું અનંત દુઃખ પામ્યો,
તે પદ જેણે સમજાવ્યું એટલે ભવિષ્યકાળે ઉત્પન્ન થવા યોગ્ય
એવાં અનંત દુઃખ પામત તે મૂળ જેણે છેદ્યું
એવા શ્રી સદ્‌ગુરુ ભગવાનને નમસ્કાર કરું છું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વર્ત્તમાન આ કાળમાં, મોક્ષમાર્ગ બહુ લોપ,
વિચારવા આત્માર્થીને, ભાખ્યો અત્ર અગોપ્ય. ૨

આ વર્તમાનકાળમાં મોક્ષમાર્ગ ઘણો લોપ થઈ ગયો છે;
જે મોક્ષમાર્ગ આત્માર્થીને વિચારવા માટે (ગુરુ-શિષ્યના સંવાદરૂપે)
અત્રે પ્રગટ કહીએ છીએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કોઈ ક્રિયા-જડ થઈ રહ્યા, શુષ્કજ્ઞાનમાં કોઈ,
માને મારગ મોક્ષનો, દયા ઉપજે જોઈ. ૩

કોઈ ક્રિયાને જ વળગી રહ્યા છે; અને કોઈ શુષ્કજ્ઞાનને જ વળગી રહ્યા છે;
એમ મોક્ષમાર્ગ માને છે, જે જોઈને દયા આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બાહ્ય ક્રિયામાં રાચતા, અંતર ભેદ ન કાંઈ,
જ્ઞાનમાર્ગ નિષેધતા, તેહ ક્રિયાજડ આંઈ. ૮

બાહ્ય ક્રિયામાં જ માત્ર રાચી રહ્યા છે, અંતર કંઈ ભેદાયું નથી,
અને જ્ઞાનમાર્ગને નિષેધ્યા કરે છે, તે અહીં ક્રિયાજડ કહ્યા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બંધ મોક્ષ છે કલ્પના, ત્યાંજ વાણી માંહિ,
વર્તે મોહસ્વભાવમાં, શુષ્કજ્ઞાની તે માંહિ. ૯

બંધ, મોક્ષ માત્ર કલ્પના છે, એવાં નિશ્ચયવાક્ય માત્ર વાણીમાં બોલે છે,
અને તથારૂપ દશા થઈ નથી, મોહના પ્રભાવમાં વર્તે છે,
એ અહીં શુષ્કજ્ઞાની કહ્યા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વૈરાગ્યાદિ સફળ તો, જો સહ આતમજ્ઞાન,
તેમજ આતમજ્ઞાનની, આદિ તણાં વિધાન. ૬

વૈરાગ્યત્યાગાદિ જો સાથે આત્મજ્ઞાન હોય તો સફળ છે, અર્થાત્ મોક્ષની પ્રાપ્તિના હેતુ છે, અને જ્યાં આત્મજ્ઞાન ન હોય ત્યાં પણ જો તે આત્મજ્ઞાનને અર્થે કરવામાં આવતા હોય, તો તે આત્મજ્ઞાનની પ્રાપ્તિના હેતુ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન,
અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજ ભાન. ૭

જેના ચિત્તમાં ત્યાગ અને વૈરાગ્યાદિ સાધનો ઉત્પન્ન થયાં ન હોય તેને જ્ઞાન ન થાય; અને જે ત્યાગ વિરાગમાં જ અટકી રહી, આત્મજ્ઞાનની આકાંક્ષા ન રાખે, તે પોતાનું ભાન ભૂલે; અર્થાત્ અજ્ઞાનપૂર્વક ત્યાગવૈરાગ્યાદિ હોવાથી તે પૂજાસત્કારાદિથી પરાભવ પામે, અને આત્માર્થ ચૂકી જાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, ત્યાં ત્યાં તે તે સમજે, અને ત્યાં ત્યાં તે તે આચરે
એ આત્માર્થી પુરુષનાં લક્ષણો છે.

શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સેવે સદ્ગુરુ ચરણને, ત્યાગી દઈ નિજપક્ષ,
પામે તે પરમાર્થને, નિજપદનો લે લક્ષ. ૫

પોતાના પક્ષને છોડી દઈ; જે સદ્ગુરુના ચરણને સેવે તે પરમાર્થને પામે,
અને આત્મસ્વરૂપનો લક્ષ તેને થાય.

Jain Education International For Private & Personal Use Only

www.jainelibrary.org

આત્મજ્ઞાન સમદર્શીતા વિચરે ઉદયપ્રયોગ,
અપૂર્વ વાણી પરમશ્રુત, સદ્‌ગુરુ લક્ષણ યોગ. ૨૦

આત્મજ્ઞાનને વિષે જેમની સ્થિતિ છે, એટલે પરભાવની ઈચ્છાથી જે રહિત થયા છે; તથા શત્રુ, મિત્ર, હર્ષ, શોક, નમસ્કાર, તિરસ્કારાદિ ભાવ પ્રત્યે જેને સમતા વર્તે છે; માત્ર પૂર્વે ઉત્પન્ન થયેલાં એવાં કર્મોના ઉદયને લીધે જેમની વિચરવા આદિ ક્રિયા છે; અજ્ઞાની કરતાં જેની વાણી પ્રત્યક્ષ જુદી પડે છે, અને ષટ્‌દર્શનના તાત્પર્યને જાણે છે, તે સદ્‌ગુરુનાં ઉત્તમ લક્ષણો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રત્યક્ષ સદ્‌ગુરુ યોગ નહીં, પરોક્ષ જિનઉપકાર,
એવો લક્ષ થયા વિના, ઊગે ન આત્મવિચાર. ૧૧

જ્યાં સુધી જીવને પૂર્વકાળે થઈ ગયેલા એવા જિનની વાત પર જ લક્ષ રહ્યા કરે, અને તેનો ઉપકાર કહ્યા કરે, અને જેથી પ્રત્યક્ષ આત્મભ્રાંતિનું સમાધાન થાય એવા સદ્‌ગુરુનો સમાગમ પ્રાપ્ત થયો હોય તેમાં પરોક્ષ જિનોનાં વચન કરતાં મોટો ઉપકાર સમાયો છે, તેમ જે ન જાણે તેને આત્મવિચાર ઉત્પન્ન ન થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સદ્‌ગુરુના ઉપદેશવણ, સમજ્યે ન જિનફેર,
સમજ્યા વણ ઉપકાર શો, સમજ્યે જિનસ્વફેર. ૧૨

સદ્‌ગુરુના ઉપદેશ વિના જિનનું સ્વરૂપ સમજાય નહીં, અને સ્વરૂપ સમજાયા વિના ઉપકાર શો થાય ? જો સદ્‌ગુરુ ઉપદેશે જિનનું સ્વરૂપ સમજે તો સમજનારનો આત્મા પરિણામે જિનની દશાને પામે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આત્માદિ અસ્તિત્વનાં, જેહ નિરૂપક શાસ્ત્રે,
પ્રત્યક્ષ સદ્ગુરુ યોગનાં, ત્યાં આધાર સુપાત્ર. ૧૩

જે જિનાગમાદિ આત્માના હોવાપણાનો તથા પરલોકાદિના હોવાપણાનો ઉપદેશ કરવાવાળાં શાસ્ત્રો છે, તે પણ જ્યાં પ્રત્યક્ષ સદ્ગુરુનો જોગ ન હોય ત્યાં સુપાત્ર જીવને આધારરૂપ છે; પણ સદ્ગુરુ સમાન તે ભ્રાંતિના છેદક કહી ન શકાય.

શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અથવા સદ્‌ગુરુએ કહ્યાં, જે આવગાહન કાજ,
તે તે નિત્ય વિચારવાં, કરી મતાંતર ત્યાજ. ૧૪

અથવા જો સદ્‌ગુરુએ તે શાસ્ત્રો વિચારવાની આજ્ઞા દીધી હોય, તો તે શાસ્ત્રો મતાંતર એટલે કુળધર્મને સાર્થક કરવાનો હેતુ આદિ ભ્રાંતિ છોડીને માત્ર આત્માર્થે નિત્ય વિચારવાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રોકે જો સ્વ સ્વચ્છંદને, પામે અવશ્ય મોક્ષ,
પામ્યા એમ અનંત છે, કાપ્યું જિન નિર્દોષ. ૧૬

જીવ અનાદિકાળથી પોતાના ડહાપણે અને પોતાની ઈચ્છાએ ચાલ્યો છે, એનું નામ 'સ્વચ્છંદ' છે. જો તે સ્વચ્છંદને રોકે તો જરૂર તે મોક્ષને પામે; અને એ રીતે ભૂતકાળે અનંત જીવ મોક્ષ પામ્યા છે. એમ રાગ, દ્વેષ અને અજ્ઞાન એમાંનો એક્કે દોષ જેને વિષે નથી એવા દોષરહિત વીતરાગે કહ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રત્યક્ષ સદ્‌ગુરુ યોગથી, સ્વચ્છંદ તે રોકાય;
બાકી પોતાની ઇચ્છાએ, બીજા ઘણા ઉપાય કર્યા. ૧૬

પ્રત્યક્ષ સદ્‌ગુરુના યોગથી તે સ્વચ્છંદ રોકાય છે, બાકી પોતાની ઈચ્છાએ બીજા ઘણા ઉપાય કર્યા છતાં ઘણું કરીને તે બમણો થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વચ્છંદ, મત આગ્રહ તજી, વર્તે સદ્‌ગુરુ લક્ષ,
સમકિત તેને ભાખિયું, કારણ ગણી પ્રત્યક્ષ. ૧૭

સ્વચ્છંદને તથા પોતાના મતના આગ્રહને તજીને જે સદ્‌ગુરુના લક્ષે ચાલે તેને **પ્રત્યક્ષ** કારણ ગણીને વીતરાગે 'સમકિત' કહ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માનાદિક શત્રુ મહા, નિજ છંદે નહિ જાય,
જાતાં સદ્‌ગુરુ શરણમાં, સહજ પ્રયત્ને થાય. ૧૮

માન અને પૂજાસત્કારાદિનો લોભ એ આદિ મહાશત્રુ છે, તે પોતાના ઉહાપણે ચાલતાં નાશ પામે નહીં, અને સદ્‌ગુરુના શરણમાં જતાં સહજ પ્રયત્નમાં જાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે સદ્‌ગુરુના ઉપદેશથી કોઈ કેવળજ્ઞાનને પામ્યા, તે સદ્‌ગુરુ હજુ છદ્મસ્થ રહ્યા હોય, તોપણ જે કેવળજ્ઞાનને પામ્યા છે એવા તે કેવળીભગવાન છદ્મસ્થ એવા પોતાના સદ્‌ગુરુની વૈયાવચ્ચ કરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એવો માર્ગ વિનયતણો, ભાખ્યો શ્રી વીતરાગ,
મૂળ હેતુ એ માર્ગનો, સમજે કોઈ સુભાગ્ય. ૨૦

એવો વિનયનો માર્ગ શ્રી જિને ઉપદેશ્યો છે. એ માર્ગનો મૂળ હેતુ એટલે તેથી આત્માને શો ઉપકાર થાય છે, તે કોઈક સુભાગ્ય એટલે સુલભબોધિ અથવા આરાધક જીવ હોય તે સમજે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અસદ્‌ગુરુ જો વિનયનો, લાભ લહે ને કાંઈ,
મહામોહની કર્મથી, બૂડે ભવજળ માંહિ. ૨૧

આ વિનયમાર્ગ કહ્યો તેનો લાભ એટલે તે શિષ્યાદિની પાસે કરાવવાની ઈચ્છા કરીને જો કોઈ પણ અસદ્‌ગુરુ પોતાને વિષે સદ્‌ગુરુપણું સ્થાપે તો તે મહામોહનીય કર્મ ઉપાર્જન કરીને ભવસમુદ્રમાં બૂડે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોય મુમુક્ષુ જો તે, સમજે એહ વિચાર,
હોય મતાર્થી જો તને, અવળો લે નિર્ધાર ૨૨

જે મોક્ષાર્થી જીવ હોય તે આ વિનયમાર્ગાદિનો વિચાર સમજે, અને જે મતાર્થી હોય તે તેનો અવળો નિર્ધાર લે, એટલે કાં પોતે તેવો વિનય શિષ્યાદિ પાસે કરાવે, અથવા અસદ્‌ગુરુને વિષે પોતે સદ્‌ગુરુની ભ્રાંતિ રાખી આ વિનયમાર્ગનો ઉપયોગ કરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોય મતાર્થી તેહને, લક્ષ ન આત્મલક્ષ
તેહ મતાર્થી લક્ષણો, અહીં કહ્યો નિષ્પક્ષ. ૨૩

જે મતાર્થી જીવ હોય તેને આત્મજ્ઞાનનો લક્ષ થાયનહીં;
એવા મતાર્થી જીવનાં અહીં નિષ્પક્ષપાતે લક્ષણો કહ્યાં છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મતાર્થી લક્ષણ.

બાહ્ય ત્યાગ પણ જ્ઞાન નહિ, તે માને ગુરુ સત્યે,
અથવા નિજકુળધર્મના, તે ગુરુમાં જ મમત્વ. ૨૪

મતાર્થી લક્ષણ.

જેને માત્ર બાહ્યથી ત્યાગ દેખાય છે પણ આત્મજ્ઞાન નથી, અને ઉપલક્ષણથી અંતરંગ ત્યાગ નથી, તેવા ગુરુને સાચા ગુરુ માને, અથવા તો પોતાના કુળધર્મના ગમે તેવા ગુરુ હોય તોપણ તેમાં જ મમત્વ રાખે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે જિન દેહ પ્રમાણને, સમવસરણાદિ સિદ્ધિ.
વર્ણન સમજે જિનનું, રોકી રહે નિજબુદ્ધિ. ૨૮

જે જિનના દેહાદિનું વર્ણન છે તેને જિનનું વર્ણન સમજે છે, અને માત્ર પોતાના કુળધર્મના દેવ છે માટે મારાપણાના કલ્પિત રાગે સમવસરણાદિ માહાત્મ્ય કહ્યા કરે છે, અને તેમાં પોતાની બુદ્ધિને રોકી રહે છે, એટલે પરમાર્થહેતુસ્વરૂપ એવુ જિનનું જે અંતરંગ સ્વરૂપ જાણવા યોગ્ય છે તે જાણતા નથી, તથા તે જાણવાનું પ્રયત્ન કરતા નથી, અને માત્ર સમવસરણાદિમાં જ જિનનું સ્વરૂપ કહીને મતાર્થમાં રહે છે.

શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રત્યક્ષ સદ્‌ગુરુ યોગમાં, વર્તે દૃષ્ટિ વિમુખ
અસદ્‌ગુરુને દૃઢ કરે, નિજ માનાર્થે મુમુક્ષ દ

પ્રત્યક્ષ સદ્‌ગુરુનો ક્યારેક યોગ મળે તો દુરાગ્રહાદિછેદક તેની વાણી સાંભળીને તેનાથી અવળી રીતે ચાલે, અર્થાત્ તે હિતકારી વાણીને ગ્રહણ કરે નહીં, અને પોતે ખરેખરો દૃઢ મુમુક્ષુ છે એવું માન મુખ્યપણે મેળવવાને અર્થે અસદ્‌ગુરુ સમીપે જઈને પોતે તેના પ્રત્યે પોતાનું વિશેષ દૃઢપણું જણાવે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેવાદિ ગતિ ભંગમાં, જે સમજે શ્રુતજ્ઞાન,
માને નિજમત વેષનો, આગ્રહ મુક્તિ નિદાન. ૨૭

દેવ-નારકાદિ ગતિના 'ભાંગા' આદિનાં સ્વરૂપ કોઈક વિશેષ પરમાર્થહેતુથી કહ્યાં છે, તે હેતુને જાણ્યો નથી, અને તે ભંગજાળને શ્રુતજ્ઞાન જે સમજે છે, તથા પોતાના મતનો, વેષનો આગ્રહ રાખવામાં જ મુક્તિનો હેતુ માને છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



વૃત્તિનું સ્વરૂપ શું ? તે પણ તે જાણતો નથી, અને 'હું વ્રતધારી છું' એવું અભિમાન ધારણ કર્યું છે. ક્વચિત્ પરમાર્થના ઉપદેશનો યોગ બને તોપણ લોકોમાં પોતાનું માન અને પૂજાસત્કારાદિ જતાં રહેશે, અથવા તે માનાદિ પછી પ્રાપ્ત નહીં થાય એમ જાણીને તે પરમાર્થને ગ્રહણ કરે નહીં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અથવા 'સમયસાર' કે 'યોગવાસિષ્ઠ' જેવા ગ્રંથો વાંચી તે માત્ર નિશ્ચયનયને ગ્રહણ કરે. કેવી રીતે ગ્રહણ કરે ? માત્ર કહેવારૂપે; અંતરંગમાં તથારૂપ ગુણની કશી સ્પર્શના નહીં, અને સદ્‌ગુરુ, સત્શાસ્ત્ર તથા વૈરાગ્ય, વિવેકાદિ સાચા વ્યવહારને લોપે, તેમ જ પોતાને જ્ઞાની માની લઈને સાધનરહિત વર્તે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્ઞાનદશા પામે નહીં, વૈરાગ્ય દશા ન કાંઈ,
પામે તેને સંગથી, તે બૂડે ભવમાંહી. ૩૦

તે જ્ઞાનદશા પામે નહીં, તેમ વૈરાગ્યાદિ સાધનદશા પણ તેને નથી,
જેથી તેવા જીવનો સંગ બીજા જે જીવને થાય તે પણ ભવસાગરમાં ડૂબે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ જીવ પણ મતાર્થમાં જ વર્તે છે, કેમકે ઉપર કહ્યા જીવ, તેને જેમ કુળધર્માદિથી મતાર્થતા છે, તેમ આને જ્ઞાની ગણાવવાના માનની ઈચ્છાથી પોતાના શુષ્કમતનો આગ્રહ છે, માટે તે પણ પરમાર્થને પામે નહીં, અને અનધિકારી એટલે જેને વિષે જ્ઞાન પરિણામ પામવા યોગ્ય નહીં એવા જીવોમાં તે પણ ગણાય.

શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નહિ કષાય ઉપશાંતતા, નહિ અંતર વૈરાગ્ય,
સરળપણું ન મધ્યસ્થતા, જો મતાર્થિ દુર્ભાગ્ય. ૩૨

જેને ક્રોધ, માન, માયા, લોભરૂપ કષાય પાતળા પડ્યા નથી, તેમ જેને અંતરવૈરાગ્ય ઉત્પન્ન થયો નથી, આત્મામાં ગુણ ગ્રહણ કરવારૂપ સરળપણું જેને રહ્યું નથી, તેમ સત્યાસત્ય તુલના કરવાને જેને અપક્ષપાતદૃષ્ટિ નથી, તે મતાર્થી જીવ દુર્ભાગ્ય એટલે જન્મ, જરા, મરણને છેદવાવાળા મોક્ષમાર્ગને પામવા યોગ્ય એવું તેનું ભાગ્ય ન સમજવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લક્ષણ કહ્યાં મતાર્થીનાં, મતાર્થી જાવા કાજ,
હવે કહું આત્માર્થીનાં, આત્મ અર્થ કુળ કાજ. ૩૩

એમ મતાર્થી જીવનાં લક્ષણ કહ્યાં. તે કહેવાનો હેતુ એ છે કે કોઈ પણ જીવનો તે જાણીને મતાર્થ જાય. હવે આત્માર્થી જીવનાં લક્ષણ કહીએ છીએ : -
તે લક્ષણ કેવાં છે ? તો કે આત્માને અવ્યાબાધ સુખની સામગ્રીના હેતુ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આત્માર્થિલક્ષણ.

આત્મજ્ઞાન ત્યાં મુનિપણું, તે સાચા ગુરુ હોયે,
બાકી કુળ ગુરુ કુલના, આત્માર્થી નહિ જોયે. ૩૯

આત્માર્થી લક્ષણ.

જ્યાં આત્મજ્ઞાન હોય ત્યાં મુનિપણું હોય, અર્થાત્ આત્મજ્ઞાન ન હોય ત્યાં મુનિપણું ન જ સંભવે. 'जं संमंति पासह तं मोणंति पासह' - જ્યાં સમકિત એટલે આત્મજ્ઞાન છે ત્યાં મુનિપણું જાણો એમ 'આચારાંગસૂત્ર'માં કહ્યું છે, એટલે જેમાં આત્મજ્ઞાન હોય તે સાચા ગુરુ છે એમ જાણે છે, અને આત્મજ્ઞાનરહિત હોય તોપણ પોતાના કુળના ગુરુને સદ્‌ગુરુ માનવા એ માત્ર કલ્પના છે, તેથી કંઈ ભવચ્છેદ ન થાય એમ આત્માર્થી જુએ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રત્યક્ષ સદ્ગુરુ પ્રાપ્તિનો, ગણો પરમ ઉપકાર,
ગણો યોગ એકત્વથી, વર્તે આજ્ઞાધાર. ૩૫

પ્રત્યક્ષ સદ્‌ગુરુની પ્રાપ્તિનો મોટો ઉપકાર જાણે, અર્થાત્ શાસ્ત્રાદિથી જે સમાધાન થઈ શકવા યોગ્ય નથી, અને જે દોષો સદ્‌ગુરુની આજ્ઞા ધારણ કર્યા વિના જતા નથી તે સદ્‌ગુરુયોગથી સમાધાન થાય, અને તે દોષો ટળે, માટે પ્રત્યક્ષ સદ્‌ગુરુનો મોટો ઉપકાર જાણે, અને તે સદ્‌ગુરુ પ્રત્યે મન, વચન, કાયાની એકતાથી આજ્ઞાંકિતપણે વર્તે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રણે કાળને વિષે પરમાર્થનો પંથ એટલે મોક્ષનો માર્ગ એક હોવો જોઈએ,
અને જેથી તે પરમાર્થ સિદ્ધ થાય તે વ્યવહાર જીવે માન્ય રાખવો જોઈએ;
બીજો નહીં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એમ વિચારી અંતરે, શોધે સદ્ગુરુ યોગ,
કામ એક આત્માર્થનું. બીજો નહિ મનરોગ. ૩૭

એમ અંતરમાં વિચારીને જે સદ્‌ગુરુના યોગનો શોધ કરે, માત્ર એક આત્માર્થની
ઈચ્છા રાખે પણ માનપૂજાદિક, સિદ્ધિરિદ્ધિની કશી ઈચ્છા રાખે નહીં;
એ રોગ જેના મનમાં નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ,
ભવે ખેદ પ્રાણાદયા, ત્યાં આત્માર્થનિવાસ. ૩૮

જ્યાં કષાય પાતળા પડ્યા છે, માત્ર એક મોક્ષપદ સિવાય બીજા કોઈ પદની અભિલાષા નથી, સંસાર પર જેને વૈરાગ્ય વર્તે છે, અને પ્રાણીમાત્ર પર જેને દયા છે, એવા જીવને વિષે આત્માર્થનો નિવાસ થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દશા ન એવી ત્યાં સુધી, જીવ લહે નહિ જોગ;
મોક્ષમાર્ગ પામે નહીં, મટે ન અંતરરોગ. ૩૯

જ્યાં સુધી એવી જોગદશા જીવ પામે નહીં, ત્યાં સુધી તેને મોક્ષમાર્ગની પ્રાપ્તિ
ન થાય, અને આત્મભ્રાંતિરૂપ અનંત દુઃખનો હેતુ એવો અંતરરોગ ન મટે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવે જ્યાં એવી દશા, સદ્‌ગુરુ બોધ સુહાય,
તે બોધે સુવિચારણા, ત્યાં પ્રગટે સુખદાય. ૪૦

એવી દશા જ્યાં આવે ત્યાં સદ્‌ગુરુનો બોધ શોભે અર્થાત્ પરિણામ પામે, અને તે બોધના પરિણામથી સુખદાયક એવી સુવિચારદશા પ્રગટે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્યાં જગટે સદ્વિચારદશા, ત્યાં જગટે નિજજ્ઞાન,
જે જ્ઞાને ક્ષય મોહ થઈ, પામે પદ નિર્વાણ. ૭૨

જ્યાં સુવિચારદશા પ્રગટે ત્યાં આત્મજ્ઞાન ઉત્પન્ન થાય, અને તે
જ્ઞાનથી મોહનો ક્ષય કરી નિર્વાણપદને પામે.

Jain Education International For Private & Personal Use Only

www.jainelibrary.org

ઉપજે તે સુવિચારણા, મોક્ષમાર્ગ સમજાય,
ગુરુ શિષ્ય સંવાદથી, તાણું પદ પદ આંહિ. ૭૨

જેથી તે સુવિચારદશા ઉત્પન્ન થાય, અને મોક્ષમાર્ગ સમજવામાં આવે તે
છ પદરૂપે ગુરુ-શિષ્યના સંવાદથી કરીને અહીં કહું છું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આત્મા છે તે નિત્ય છે, છે કર્તા નિજકર્મ,
છે ભોક્તા વળી મોક્ષ છે, મોક્ષ ઉપાય સુધર્મ. ૪૩

ષટ્પદનામકથન.

'આત્મા છે', 'તે આત્મા નિત્ય છે', 'તે આત્મા પોતાના કર્મનો કર્તા છે',
'તે કર્મનો ભોક્તા છે', 'તેથી મોક્ષ થાય છે', અને 'તે મોક્ષનો ઉપાય એવો સત્‌ધર્મ છે'.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છ સ્થાનક સંક્ષેપમાં, ષટ દર્શન પણ તેહ.
સમજવા પરમાર્થને, કહ્યાં જ્ઞાનિએ એહ. ૯૯

એ છ સ્થાનક અથવા છ પદ અહીં સંક્ષેપમાં કહ્યાં છે, અને વિચાર કરવાથી
ષટ્‌દર્શન પણ તે જ છે. પરમાર્થ સમજવાને માટે જ્ઞાનીપુરુષે એ છ પદો કહ્યાં છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શંકા.
શિષ્યઉવાચ.

નથી દૃષ્ટિમાં આવતો, નથી જણાતું રૂપ,
બીજે પણ અનુભવ નહીં, તેથી ન જીવસ્વરૂપ. ૪૬

શંકા-શિષ્ય ઉવાચ.

(આત્માના હોવાપણારૂપ પ્રથમ સ્થાનકની શિષ્ય શંકા કહે છે :-)

દૃષ્ટિમાં આવતો નથી, તેમ જેનું કંઈ રૂપ જણાતું નથી, તેમ સ્પર્શાદિ બીજા અનુભવથી પણ જણાવાપણું નથી, માટે જીવનું સ્વરૂપ નથી; અર્થાત્ જીવ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અથવા દેહ જ આતમા, અથવા ઈંદ્રિય, શ્વાસ,
મિથ્યા જૂદો માનવો, નહિં જૂદું એંધાણ. ૭૬

અથવા દેહ છે તે જ આત્મા છે, અથવા ઇંદ્રિયો છે તે આત્મા છે, અથવા શ્વાસોચ્છ્વાસ છે તે આત્મા છે, અર્થાત્ એ સૌ એકના એક દેહરૂપે છે, માટે આત્માને જુદો માનવો તે મિથ્યા છે, કેમકે તેનું કશું જુદું એંધાણ એટલે ચિહ્ન નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શકે ને આત્મા હોય તો, જણાય તે નહિં કેમ?
જણાય જો તે હોય તો, ઘટ પટ આદિ સમ. ૪૭

અને જો આત્મા હોય તો તે જણાય શા માટે નહીં ? જો ઘટ, પટ આદિ પદાર્થો છે તો જેમ જણાય છે, તેમ આત્મા હોય તો શા માટે ન જણાય ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માટે છે નહિં આતમા, દિયે મોક્ષ ઉપાય;
એ અંતર શંકા તણો, સમજાવો સદુપાય. ૪૮

માટે આત્મા છે નહીં, અને આત્મા નથી એટલે તેના મોક્ષના અર્થે ઉપાય કરવા તે ફોક્ટ છે, એ મારા અંતરની શંકાનો કંઈ પણ સદુપાય સમજાવો એટલે સમાધાન હોય તો કહો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



समाधान–सद्गुरु उवाच.

(આત્મા છે, એમ સદ્ગુરુ સમાધાન કરે છે :-)

દેહાધ્યાસથી એટલે અનાદિકાળથી અજ્ઞાનને લીધે દેહનો પરિચય છે, તેથી આત્મા દેહ જેવો અર્થાત્ તને દેહ ભાસ્યો છે, પણ આત્મા અને દેહ બન્ને જુદાં છે, કેમકે બેય જુદાં જુદાં લક્ષણથી પ્રગટ ભાનમાં આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જાણ્યો દેહાદિકથી, આત્મા દેહવતમાન,
પણ તે બન્ને ભિન્ન છે, જેમ અસિને મ્યાન. ૮૦

અનાદિકાળથી અજ્ઞાનને લીધે દેહના પરિચયથી દેહ જ આત્મા ભાસ્યો છે;
અથવા દેહ જેવો આત્મા ભાસ્યો છે; પણ જેમ તરવાર ને મ્યાન, મ્યાનરૂપ
લાગતાં છતાં બન્ને જુદાં જુદાં છે, તેમ આત્મા અને દેહ બન્ને જુદા જુદા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે દ્રષ્ટા છે દ્રષ્ટિનો, જે જાણે છે રૂપ,
અબાધ્ય અનુભવ જે રહે, તે છે જીવસ્વરૂપ. ૮૧

તે આત્મા દૃષ્ટિ એટલે આંખથી ક્યાંથી દેખાય ? કેમકે ઊલટો તેનો તે જોનાર છે. સ્થૂળસૂક્ષ્માદિ રૂપને જે જાણે છે, અને સર્વને બાધ કરતાં કરતાં કોઈ પણ પ્રકારે જેનો બાધ કરી શકાતો નથી એવો બાકી જે અનુભવ રહે છે તે જીવનું સ્વરૂપ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે ઇંદ્રિયે પ્રત્યેકને, નિજ નિજ વિષયનું જ્ઞાન,
પાંચ ઇંદ્રિના વિષયનું, કહ્યું આત્મા જાણ. ૬૨

કર્ણેન્દ્રિયથી સાંભળ્યું તે તે કર્ણેન્દ્રિય જાણે છે, પણ ચક્ષુ-ઇન્દ્રિય તેને જાણતી નથી, અને ચક્ષુ-ઈન્દ્રિયે દીઠેલું તે કર્ણેન્દ્રિય જાણતી નથી. અર્થાત્ સૌ સૌ ઈન્દ્રિયને પોતપોતાના વિષયનું જ્ઞાન છે, પણ બીજી ઈન્દ્રિયોના વિષયનું જ્ઞાન નથી; અને આત્માને તો પાંચે ઈન્દ્રિયના વિષયનું જ્ઞાન છે. અર્થાત્ જે તે પાંચે ઈન્દ્રિયોના ગ્રહણ કરેલા વિષયને જાણે છે તે 'આત્મા' છે, અને આત્મા વિના એકેક ઈન્દ્રિય એકેક વિષયને ગ્રહણ કરે એમ કહ્યું તે પણ ઉપચારથી કહ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેહ ન જાણે તેહને, જાણે ન ઇંદ્રિ પ્રાણ,
આત્માની સત્તાવડે તે પ્રવર્તે જાણ. ૮૩

દેહ તેને જાણતો નથી, ઈન્દ્રિયો તેને જાણતી નથી અને શ્વાસોચ્છ્વાસરૂપ પ્રાણ પણ તેને જાણતો નથી; તે સૌ એક આત્માની સત્તા પામીને પ્રવર્તે છે, નહીં તો જડપણે પડયાં રહે છે, એમ જાણ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સર્વ અવસ્થાનો વિષે, જ્યારો સદા જણાય,
પ્રગટ રૂપ ચૈતન્યમય, જો ઓંધાણ સદાય. ૯૭

જાગ્રત, સ્વપ્ન અને નિદ્રા એ અવસ્થામાં વર્તતો છતાં તે તે અવસ્થાઓથી જુદો જે રહ્યા કરે છે, અને તે તે અવસ્થા વ્યતીત થયે પણ જેનું હોવાપણું છે, અને તે તે અવસ્થાને જે જાણે છે, એવો પ્રગટસ્વરૂપ ચૈતન્યમય છે, અર્થાત્ જાણ્યા જ કરે છે એવો જેનો સ્વભાવ પ્રગટ છે, અને એ તેની નિશાની સદાય વર્તે છે; કોઈ દિવસ તે નિશાનીનો ભંગ થતો નથી.

શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઘટ, પટ આદી જાણે છું, તેમ તેને માન,
જાણનારને માન નહિ, કહીએ કેવું જ્ઞાન? ૮૮

ઘટ, પટ આદિને તું પોતે જાણે છે, 'તે છે' એમ તું માને છે, અને જે તે ઘટ,
પટ આદિનો જાણનાર છે તેને માનતો નથી, એ જ્ઞાન તે કેવું કહેવું ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરમબુદ્ધિ કૃશ દેહમાં, સ્થૂળ દેહ મતિઅલ્પ,
દેહ હોય જો આતમા, ઘટે ન આમ વિકલ્પ. ૮૬

દુર્બળ દેહને વિષે પરમ બુદ્ધિ જોવામાં આવે છે, અને સ્થૂળ દેહને વિષે થોડી બુદ્ધિ પણ જોવામાં આવે છે; જો દેહ જ આત્મા હોય એવો વિકલ્પ એટલે વિરોધ થવાનો વખત ન આવે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જડ ચેતનનો ત્રિકાળ છે, કેવળ જુદો સ્વભાવ,
કોઈ પ્રકારે પામે નહીં, એક કાળ દ્વૈત ભાવ. ૮૩

કોઈ કાળે જેમાં જાણવાનો સ્વભાવ નથી તે જડ, અને સદાય જે જાણવાના સ્વભાવવાન છે તે ચેતન, એવો બેયનો કેવળ જુદો સ્વભાવ છે, અને તે કોઈ પણ પ્રકારે એકપણું પામવા યોગ્ય નથી. ત્રણે કાળ જડ જડભાવે, અને ચેતન ચેતનભાવે રહે એવો બેયનો જુદો જુદો દ્વૈતભાવ પ્રસિદ્ધ જ અનુભવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આત્માની શંકા કરે, આત્મા પોતે આપ,
શંકા જો કરનાર તો, અચરજ એહ અમાપ. ૯૮

આત્માની શંકા આત્મા પોતે કરે છે. જે શંકાનો કરનાર છે, તે જ આત્મા છે.
તે જણાતો નથી, એ માપ ન થઈ શકે એવું આશ્ચર્ય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શંકા.

(શિષ્ય ઉવાચ.)

આત્માનાં અસ્તિત્વના, આપે કહ્યા પ્રકાર,
સંભવ તેનો થતો છે, અંતર કરી વિચાર. ૮૯

શંકા-શિષ્ય ઉવાચ

(આત્મા નિત્ય નથી, એમ શિષ્ય કહે છે :-)

આત્માના હોવાપણા વિષે આપે જે જે પ્રકાર કહ્યા તેનો અંતરમાં વિચાર કરવાથી સંભવ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આત્મ શંકા થાય ત્યાં, આત્મા નહીં અવિનાશ,
દેહ યોગથી ઉપજે, દેહ વિયોગે નાશ. ૬૦

પણ બીજી એમ શંકા થાય છે, કે આત્મા છે તોપણ તે અવિનાશ એટલે નિત્ય નથી; ત્રણે કાળ હોય એવો પદાર્થ નથી, માત્ર દેહના સંયોગથી ઉત્પન્ન થાય, અને વિયોગે વિનાશ પામે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અથવા વસ્તુ ક્ષણે ક્ષણે બદલાતી જોવામાં આવે છે, તેથી સર્વ વસ્તુ
ક્ષણિક છે, અને અનુભવથી જોતાં પણ આત્મા નિત્ય જણાતો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સદ્‌ગુરુ ઉવાચ. ૮

દેહ માત્ર સંયોગ છે, વળી જડ, રૂપી દૃશ્ય,
ચેતનનાં ઉત્પત્તિ લય, કોના અનુભવ વશ કહ્યું ૬૨

समाधान–सद्‌गुरु उवाच.

(આત્મા નિત્ય છે, એમ સદ્‌ગુરુ સમાધાન કરે છે :-)

દેહ માત્ર પરમાણુનો સંયોગ છે, અથવા સંયોગે કરી આત્માના સંબંધમાં છે. વળી તે દેહ જડ છે, રૂપી છે, અને દૃશ્ય એટલે બીજા કોઈ દ્રષ્ટાનો તે જાણવાનો વિષય છે; એટલે તે પોતે પોતાને જાણતો નથી, તો ચેતનનાં ઉત્પત્તિ અને નાશ તે ક્યાંથી જાણે ? તે દેહના પરમાણુંએ પરમાણુનો વિચાર કરતાં પણ તે જડ જ છે, એમ સમજાય છે. તેથી તેમાંથી ચેતનની ઉત્પત્તિ થવા યોગ્ય નથી, અને ઉત્પત્તિ થવા યોગ્ય નથી તેથી ચેતન તેમાં નાશ પણ પામવા યોગ્ય નથી. વળી તે દેહ રૂપી એટલે સ્થૂળાદિ પરિણામવાળો છે; અને ચેતન દ્રષ્ટા છે, ત્યારે તેના સંયોગથી ચેતનની ઉત્પત્તિ શી રીતે થાય ? અને તેમાં લય પણ કેમ થાય ? દેહમાંથી ચેતન ઉત્પન્ન થાય છે, અને તેમાં જ નાશ પામે છે, એ વાત કોના અનુભવને વશ રહી ? અર્થાત્ એમ કેણે જાણ્યું ? કેમકે જાણનાર એવા ચેતનની ઉત્પત્તિ દેહથી પ્રથમ છે નહીં, અને નાશ તો તેથી પહેલાં છે, ત્યારે એ અનુભવ થયો કોને ?

શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેના અનુભવવશે એ, ઉત્પન્ન લયનું જ્ઞાન,
તે તેથી જૂદા વિના, કોને ન કેમેં ભાન. ૬૩

જેના અનુભવમાં એ ઉત્પત્તિ અને નાશનું જ્ઞાન વર્તે તે ભાન તેથી જુદા વિના કોઈ પ્રકારે પણ સંભવતું નથી, અર્થાત્ ચેતનના ઉત્પત્તિ, લય થાય છે, એવો કોઈને પણ અનુભવ થવા યોગ્ય છે નહીં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે સંયોગો દેખિયે, તે તે અનુભવરૂપ;
ઉપજે નહિ સંયોગથી, આત્મા નિત્યસ્વરૂપ. ૬૮

જે જે સંયોગો દેખીએ છીએ તે તે અનુભવસ્વરૂપ એવા આત્માના દૃશ્ય એટલે તેને આત્મા જાણે છે, અને તે સંયોગનું સ્વરૂપ વિચારતાં એવો કોઈ પણ સંયોગ સમજાતો નથી કે જેથી આત્મા ઉત્પન્ન થાય છે, માટે આત્મા સંયોગથી નહીં ઉત્પન્ન થયેલો એવો છે; અર્થાત્ અસંયોગી છે, સ્વાભાવિક પદાર્થ છે, માટે તે પ્રત્યક્ષ 'નિત્ય' સમજાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જડ્યા ચેતન ઊપજે, ચેતનથી જડ થાય,
એવો અનુભવ કોઈને, ક્યારે કદી ન થાય. ૬૮

જડથી ચેતન ઊપજે, અને ચેતનથી જડ ઉત્પન્ન થાય એવો કોઈને ક્યારે કદી પણ અનુભવ થાય નહીં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કોઈ સંયોગોથી નહીં, જેની ઉત્પત્તિ કાંઈ,
નાશ ન તેનો કોઇમાં, તેથી નિત્ય સદાય. ૬૬

જેની ઉત્પત્તિ કોઈ પણ સંયોગોથી થાય નહીં, તેનો નાશ પણ કોઈને વિષે થાય નહીં, માટે આત્મા ત્રિકાળ 'નિત્ય' છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્રોધાદિ વર્તમનતા, સર્પાદિકની માંહે,
પૂર્વજન્મ સંસ્કાર તે, જીવ નિત્યતા દર્શાવે. ૬૭

ક્રોધાદિ પ્રકૃતિઓનું વિશેષપણું સર્પ વગેરે પ્રાણીમાં જન્મથી જ જોવામાં આવે છે, વર્તમાન દેહે તો તે અભ્યાસ કર્યો નથી; જન્મની સાથે જ તે છે; એટલે એ પૂર્વજન્મનો જ સંસ્કાર છે, જે પૂર્વજન્મ જીવની નિત્યતા સિદ્ધ કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આત્મા દ્રવ્યે નિત્ય છે, પર્યાયે પલટાય,
બાળાદી વયે અનુભવું, જ્ઞાન સૌને થાય. ૬૮

આત્મા વસ્તુપણે નિત્ય છે. સમયે સમયે જ્ઞાનાદિ પરિણામના પલટવાથી તેના પર્યાયનું પલટવાપણું છે. (કંઈ સમુદ્ર પલટાતો નથી, માત્ર મોજાં પલટાય છે, તેની પેઠે.) જેમ બાળ, યુવાન અને વૃદ્ધ એ ત્રણ અવસ્થા છે, તે આત્માને વિભાવથી પર્યાય છે અને બાળ અવસ્થા વર્તતાં આત્મા બાળક જણાતો, તે બાળ અવસ્થા છોડી જ્યારે યુવાવસ્થા ગ્રહણ કરી ત્યારે યુવાન જણાયો, અને યુવાવસ્થા તજી વૃદ્ધાવસ્થા ગ્રહણ કરી ત્યારે વૃદ્ધ જણાયો. એ ત્રણે અવસ્થાનો ભેદ થયો તે પર્યાયભેદ છે, પણ તે ત્રણે અવસ્થામાં આત્મદ્રવ્યનો ભેદ થયો નહીં. અર્થાત્ અવસ્થાઓ બદલાઈ, પણ આત્મા બદલાયો નથી. આત્મા એ ત્રણે અવસ્થાને જાણે છે, અને તે ત્રણે અવસ્થાની તેને જ સ્મૃતિ છે. ત્રણે અવસ્થામાં આત્મા એક હોય તો એમ બને, પણ જો આત્મા ક્ષણે ક્ષણે બદલાતો હોય તો તેવો અનુભવ બને જ નહીં.

શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અક્ષણિક જ્ઞાન ક્ષણિકનું, ને જાણે વદનાર,
વદનારો તે ક્ષણિક નહિ, કર અનુભવ નિર્ધાર. ૬૯

વળી અમુક પદાર્થ ક્ષણિક છે એમ જે જાણે છે, અને ક્ષણિકપણું કહે છે તે કહેનાર અર્થાત્ જાણનાર ક્ષણિક હોય નહીં; કેમકે પ્રથમ ક્ષણે અનુભવ થયો તેને બીજે ક્ષણે તે અનુભવ કહી શકાય, તે બીજે ક્ષણે પોતે ન હોય તો ક્યાંથી કહે ? માટે એ અનુભવથી પણ આત્માના અક્ષણિકપણાનો નિશ્ચય કર.

શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કુંભારે કોઈ વસ્તુનો, કેવળ તો કેમ નાશ,
ચેતન પામે નાશ તો, કેમાં ભળે તપાસ. ૭૦

વળી કોઈ પણ વસ્તુનો કોઈ પણ કાળે કેવળ તો નાશ થાય જ નહીં; માત્ર અવસ્થાંતર થાય, માટે ચેતનનો પણ કેવળ નાશ થાય નહીં. અને અવસ્થાંતરરૂપ નાશ થતો હોય તો તે કેમાં ભળે, અથવા કેવા પ્રકારનું અવસ્થાંતર પામે તે તપાસ. અર્થાત્ ઘટાદિ પદાર્થ ફૂટી જાય છે, એટલે લોકો એમ કહે છે કે ઘડો નાશ પામ્યો છે, કંઈ માટીપણું નાશ પામ્યું નથી. તે છિન્નભિન્ન થઈ જઈ સૂક્ષ્મમાં સૂક્ષ્મ ભૂકો થાય, તોપણ પરમાણુસમૂહરૂપે રહે, પણ કેવળ નાશ ન થાય; અને તેમાંનું એક પરમાણુ પણ ઘટે નહીં, કેમકે અનુભવથી જોતાં અવસ્થાંતર થઈ શકે, પણ પદાર્થનો સમૂળગો નાશ થાય એમ ભાસી જ શકવા યોગ્ય નથી, એટલે જો તું ચેતનનો નાશ કહે, તોપણ કેવળ નાશ તો કહી જ શકાય નહીં, અવસ્થાંતરરૂપ નાશ કહેવાય. જેમ ઘટ ફૂટી જઈ ક્રમે કરી પરમાણુસમૂહરૂપે સ્થિતિમાં રહે, તેમ ચેતનનો અવસ્થાંતરરૂપ નાશ તારે કહેવો હોય તો તે શી સ્થિતિમાં રહે, અથવા ઘટના પરમાણુઓ જેમ પરમાણુસમૂહમાં ભળ્યા તેમ ચેતન કઈ વસ્તુમાં ભળવા યોગ્ય છે તે તપાસ; અર્થાત્ એ પ્રકારે તું અનુભવ કરી જોઈશ તો કોઈમાં નહીં ભળી શકવા યોગ્ય, અથવા પરસ્વરૂપે અવસ્થાંતર નહીં પામવા યોગ્ય એવું ચેતન એટલે આત્મા તને ભાસ્યમાન થશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



શંકા-શિષ્ય ઉવાચ.

(આત્મા કર્મનો કર્તા નથી, એમ શિષ્ય કહે છે :-)

જીવ કર્મનો કર્તા નથી, કર્મના કર્તા કર્મ છે. અથવા અનાયાસે તે થયાં કરે છે. એમ નહીં, ને જીવ જ તેનો કર્તા છે એમ કહો તો પછી તે જીવનો ધર્મ જ છે, અર્થાત્ ધર્મ હોવાથી ક્યારેય નિવૃત્ત ન થાય.

Jain Education International For Private & Personal Use Only

www.jainelibrary.org

આત્મા સદા અસંગ ને, કરે પ્રકૃતિ બંધ.
અથવા ઈશ્વરપ્રેરણા, તેહ થકી અબંધ. ૭૨

અથવા એમ નહીં, તો આત્મા સદા અસંગ છે, અને સત્ત્વાદિ ગુણવાળી પ્રકૃતિ કર્મનો બંધ કરે છે; તેમ નહીં, તો જીવને કર્મ કરવાની પ્રેરણા ઈશ્વર કરે છે, તેથી ઈશ્વરેચ્છારૂપ હોવાથી જીવ તે કર્મથી 'અબંધ' છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માટે મોક્ષ ઉપાયનો, કોઈ નહેતુ જણાય;
કર્મ તણું કર્તા પણું, કાં નહિં, કાં નાહિં જાય. ૭૩

માટે જીવ કોઈ રીતે કર્મનો કર્તા થઈ શકતો નથી, અને મોક્ષનો ઉપાય કરવાનો કોઈ હેતુ જણાતો નથી; કાં જીવને કર્મનું કર્તાપણું નથી, અને જો કર્તાપણું હોય તો કોઈ રીતે તે તેનો સ્વભાવ મટવા યોગ્ય નથી

શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



સમાધાન–સદ્‌ગુરુ ઉવાચ

(કર્મનું કર્તાપણું આત્માને જે પ્રકારે છે તે પ્રકારે સદ્‌ગુરુ સમાધાન કરે છે :-)

ચેતન એટલે આત્માની પ્રેરણારૂપ પ્રવૃત્તિ ન હોય, તો કર્મને કોણ ગ્રહણ કરે ?
જડનો સ્વભાવ પ્રેરણા નથી. જડ અને ચેતન બેયના ધર્મ વિચારી જુઓ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જો ચેતન કરતું નથી, નથી થતાં તો કર્મ,
તેથી સહજ સ્વભાવ નહિ, તેમજ નહિ જીવધર્મ. ૭૮

આત્મા જો કર્મ કરતો નથી, તો તે થતાં નથી; તેથી સહજ સ્વભાવે એટલે અનાયાસે તે થાય એમ કહેવું ઘટતું નથી; તેમ જ તે જીવનો ધર્મ પણ નહીં, કેમકે સ્વભાવનો નાશ થાય નહીં, અને આત્મા ન કરે તો કર્મ થાય નહીં, એટલે એ ભાવ ટળી શકે છે, માટે તે આત્માનો સ્વાભાવિક ધર્મ નહીં.

શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેવળ હોત અસંગ જો, ક્યારેય તને ન કેમ?
અસંગ છે પરમાર્થથી, પણ વિલંબાયે તેમ. ૭૬

કેવળ જો અસંગ હોત, અર્થાત્ ક્યારે પણ તેને કર્મનું કરવાપણું ન હોત તો તને પોતાને તે આત્મા પ્રથમથી કેમ ન ભાસત ? પરમાર્થથી તે આત્મા અસંગ છે, પણ તે તો જ્યારે સ્વરૂપનું ભાન થાય ત્યારે થાય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર્તા ઈશ્વરકોઈ નહિ, ઈશ્વર શુદ્ધ સ્વભાવ,
અથવા પ્રેરક તે ગણે, ઈશ્વરદોષ પ્રભાવ. ૭૭

જગતનો અથવા જીવોનાં કર્મનો ઈશ્વર કર્તા કોઈ છે નહીં; શુદ્ધ આત્મસ્વભાવ જેનો થયો છે તે ઈશ્વર છે, અને તેને જો પ્રેરક એટલે કર્મકર્તા ગણીએ તો તેને દોષનો પ્રભાવ થયો ગણાવો જોઈએ; માટે ઈશ્વરની પ્રેરણા જીવનાં કર્મ કરવામાં પણ કહેવાય નહીં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચેતવ જો મિશ્ર ભાનમાં, કર્તા આદિ સ્વભાવ,
વર્તે નહિ જો ભાનમાં, કર્તા કર્મ પ્રભાવ. ૭૮

આત્મા જો પોતાના શુદ્ધ ચૈતન્યાદિ સ્વભાવમાં વર્તે તો તે પોતાના તે જ સ્વભાવનો કર્તા છે, અર્થાત્ તે જ સ્વરૂપમાં પરિણમિત છે, અને તે શુદ્ધ ચૈતન્યાદિ સ્વભાવના ભાનમાં વર્તતો ન હોય ત્યારે કર્મભાવનો કર્તા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શંકા

શિષ્ય ઉવાચ.

જીવ કર્મ કર્તા કહો, પણ ભોક્તા નહિ સોય,
શું સમજે જડ કર્મ કે, ફળપરિણામી હોય. ૭૮

શંકા-શિષ્ય ઉવાચ.

(તે કર્મનું ભોક્તાપણું જીવને નહીં હોય ? એમ શિષ્ય કહે છે :-)

જીવને કર્મનો કર્તા કહીએ તોપણ તે કર્મનો ભોક્તા જીવ નહીં ઠરે, કેમકે જડ એવાં કર્મ શું સમજે કે તે ફળ દેવામાં પરિણામી થાય ? અર્થાત્ ફળદાતા થાય ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ફળદાતા ઈશ્વર ગણે; ભોક્તાપણું રહે ત્યાં;
આમ કહે ઈશ્વરતણું, ઈશ્વરપણું ન લહે. ૮

ફળદાતા ઈશ્વર ગણીએ તો ભોક્તાપણું સાધી શકીએ, અર્થાત્ જીવને ઈશ્વર કર્મ ભોગવાવે તેથી જીવ કર્મનો ભોક્તા સિદ્ધ થાય, પણ પરને ફળ દેવા આદિ પ્રવૃત્તિવાળો ઈશ્વર ગણીએ તો તેનું ઈશ્વરપણું જ રહેતું નથી, એમ પણ પાછો વિરોધ આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઈશ્વર સિદ્ધ થયો વિના, જગત્ નિયમ નહિ હોય;
પછી શુભાશુભ કર્મનાં, ભોગ્ય સ્થાન નહિં કોય. ૮૧

તેવો ફળદાતા ઈશ્વર સિદ્ધ થતો નથી એટલે જગતનો નિયમ પણ કોઈ રહે નહીં, અને શુભાશુભ કર્મ ભોગવવાનાં કોઈ સ્થાનક પણ ઠરે નહીં. એટલે જીવને કર્મનું ભોક્તૃત્વ ક્યાં રહ્યું ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમાધાન.
સદ્ગુરુ ઉવાચ.

ભાવકર્મ નિજકલ્પના, માટે ચેતનરૂપ,
જીવવીર્યની સ્ફુરણા, ગ્રહણ કરે જડધૂપ. ૮૨

સમાધાન–સદ્‌ગુરુ ઉવાચ.

(જીવને પોતાનાં કરેલા કર્મનું ભોક્તાપણું છે, એમ સદ્‌ગુરુ સમાધાન કરે છે :-)

ભાવકર્મ જીવને પોતાની ભ્રાંતિ છે, માટે ચેતનરૂપ છે, અને તે ભ્રાંતિને અનુયાયી થઈ જીવવીર્ય સ્ફુરાયમાન થાય છે, તેથી જડ એવાં દ્રવ્યકર્મની વર્ગણા તે ગ્રહણ કરે છે.

Jain Education International For Private & Personal Use Only

www.jainelibrary.org

ઝેર સુધા સમજે નહી, જીવ ખાયે ફળ થાયે;
એમ શુભાશુભ કર્મનું, જોકતાપણું જણાયે. ૮૩

ઝેર અને અમૃત પોતે જાણતાં નથી કે અમારે આ જીવને ફળ આપવું છે, તોપણ જે જીવ ખાય છે, તેને તે ફળ થાય છે; એમ શુભાશુભ કર્મ, આ જીવને આ ફળ આપવું છે એમ જાણતાં નથી, તોપણ ગ્રહણ કરનાર જીવ, ઝેર અમૃતના પરિણામની રીતે ફળ પામે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક રાંકને એકદ, એ આદિ બહોળો;
કારણ વિના ન કાર્ય તે, તેહ શુભાશુભવેદ. ૮૪

એક રાંક છે અને એક રાજા છે, એ આદિ શબ્દથી નીચપણું, ઊંચપણું, કુરૂપપણું, સુરૂપપણું એમ ઘણું વિચિત્રપણું છે, અને એવો જે ભેદ રહે છે તે, સર્વને સમાનતા નથી, તે જ શુભાશુભ કર્મનું ભોક્તાપણું છે, એમ સિદ્ધ કરે છે; કેમકે કારણ વિના કાર્યની ઉત્પત્તિ થતી નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ફળદાતા ઈશ્વરતણી, એમાં નથી જરૂર,
કર્મ સ્વભાવે પરિણમે, થાય ભોગથી દૂર. ૮૯

ફળદાતા ઈશ્વરની એમાં કંઈ જરૂર નથી. ઝેર અને અમૃતની રીતે શુભાશુભ કર્મ સ્વભાવે પરિણમે છે; અને નિઃસત્ત્વ થયેથી ઝેર અને અમૃત ફળ દેતાં જેમ નિવૃત્ત થાય છે, તેમ શુભાશુભ કર્મને ભોગવવાથી તે નિઃસત્ત્વ થયે નિવૃત્ત થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે તે ભોગ્ય વિશેષના, સ્થાનક દ્રવ્ય સ્વભાવ,
ગહન વાત છે શિષ્ય આ, કહિ સંક્ષેપે સાવ. ૮૬

ઉત્કૃષ્ટ શુભ અધ્યવસાય તે ઉત્કૃષ્ટ શુભગતિ છે, અને ઉત્કૃષ્ટ અશુભ અધ્યવસાય તે ઉત્કૃષ્ટ અશુભગતિ છે, શુભાશુભ અધ્યવસાય મિશ્રગતિ છે, અને તે જીવપરિણામ તે જ મુખ્યપણે તો ગતિ છે; તથાપિ ઉત્કૃષ્ટ શુભ દ્રવ્યનું ઊર્ધ્વગમન, ઉત્કૃષ્ટ અશુભ દ્રવ્યનું અધોગમન, શુભાશુભની મધ્યસ્થિતિ, એમ દ્રવ્યનો વિશેષ સ્વભાવ છે. અને તે આદિ હેતુથી તે તે ભોગ્યસ્થાનક હોવા યોગ્ય છે. હે શિષ્ય ! જડચેતનના સ્વભાવ સંયોગાદિ સૂક્ષ્મ સ્વરૂપનો અત્રે ઘણો વિચાર સમાય છે, માટે આ વાત ગહન છે, તોપણ તેને સાવ સંક્ષેપમાં કહી છે.

Jain Education International For Private & Personal Use Only

www.jainelibrary.org

શંકા.
શિષ્યઉવાચ.

કર્તા ભોક્તા જીવ હો, પણ તે તેનો નહિ મોક્ષ,
કાળો કાળ અનંત પણ, વર્ત્તમાન છે દોષ. ૮૭

શંકા-શિષ્ય ઉવાચ.

(જીવનો તે કર્મથી મોક્ષ નથી, એમ શિષ્ય કહે છે :-)

કર્તા ભોક્તા જીવ હો, પણ તેથી તેનો મોક્ષ થવા યોગ્ય નથી, કેમકે અનંતકાળ થયો તોપણ કર્મ કરવારૂપી દોષ હજુ તેને વિષે વર્તમાન જ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શુભ કરે ફળ ભોગવે, દેવાદી ગતિ માંય,
અશુભ કરે નરકાદિ ફળ, કર્મ રહીત ન કોંય. ૮૮

શુભ કર્મ કરે તો તેથી દેવાદિ ગતિમાં તેનું શુભ ફળ ભોગવે, અને અશુભ કર્મ કરે તો નરકાદિ ગતિને વિષે તેનું અશુભ ફળ ભોગવે; પણ જીવ કર્મરહિત કોઈ સ્થળે હોય નહીં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમાધાન.
સદ્ગુરુ ઉવાચ.

જેમ શુભાશુભ કર્મપદ, જાણ્યાં સફળ પ્રમાણ,
તેમ નિવૃત્તિ સફળતા, માટે મોક્ષ સુજાણ. ૮૮

સમાધાન–સદ્‌ગુરુ ઉવાચ.

(તે કર્મથી જીવનો મોક્ષ થઈ શકે છે, એમ સદ્‌ગુરુ સમાધાન કરે છે :-)

જેમ શુભાશુભ કર્મપદ તે જીવના કરવાથી તેં થતાં જાણ્યાં, અને તેથી તેનું ભોક્તાપણું જાણ્યું, તેમ નહીં કરવાથી અથવા તે કર્મનિવૃત્તિ કરવાથી તે નિવૃત્તિ પણ થવા યોગ્ય છે; માટે તે નિવૃત્તિનું પણ સફળપણું છે; અર્થાત્ જેમ તે શુભાશુભ કર્મ અફળ જતાં નથી, તેમ તેની નિવૃત્તિ પણ અફળ જવા યોગ્ય નથી; માટે તે નિવૃત્તિરૂપ મોક્ષ છે એમ હે વિચક્ષણ ! તું વિચાર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વીત્યો કાળ અનંત તે, કર્મ શુભાશુભ ભાવ,
તેહ શુભાશુભ છેદતાં, ઉપજે મોક્ષસ્વભાવ. ૮૦

કર્મસહિત અનંતકાળ વીત્યો, તે તે શુભાશુભ કર્મ પ્રત્યેની જીવની આસક્તિને લીધે વીત્યો, પણ તેના પર ઉદાસીન થવાથી તે કર્મફળ છેદાય, અને તેથી મોક્ષસ્વભાવ પ્રગટ થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેહાદિક સંયોગનો, આત્યંતિક વિયોગ,
સિદ્ધ મોક્ષ શાશ્વત પદે, નિજ અનંત સુખ ભોગ. ૫૨

દેહાદિ સંયોગનો અનુક્રમે વિયોગ તો થયા કરે છે, પણ તે પાછો ગ્રહણ ન થાય તે રીતે વિયોગ કરવામાં આવે તો સિદ્ધસ્વરૂપ મોક્ષસ્વભાવ પ્રગટે, અને શાશ્વતપદે અનંત આત્માનંદ ભોગવાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શંકા.
શિષ્ય ઉવાચ.

હોયે કદાપિ મોક્ષપદ, નહિ આવિરોધ ઉપાય;
કર્મો કાળ અનંતનાં, શાથી છેદ્યાં જાય? ૯૨

શંકા–શિષ્ય ઉવાચ.

(મોક્ષનો ઉપાય નથી, એમ શિષ્ય કહે છે :-)

મોક્ષપદ કદાપિ હોય તોપણ તે પ્રાપ્ત થવાનો કોઈ અવિરોધ એટલે યથાતથ્ય પ્રતીત થાય એવો ઉપાય જણાતો નથી, કેમકે અનંત કાળનાં કર્મો છે, તે આવા અલ્પાયુષ્યવાળા મનુષ્યદેહથી કેમ છેદ્યાં જાય ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અથવા મત દર્શન ઘણાં, કહે ઉપાય અનેક;
તેમા મત સાચો કયો, બને ન એહ વિવેક. ૫૩

અથવા કદાપિ મનુષ્યદેહના અલ્પાયુષ્ય વગેરેની શંકા છોડી દઈએ,
તોપણ મત અને દર્શન ઘણાં છે અને તે મોક્ષના અનેક ઉપાયો કહે છે,
અર્થાત્ કોઈ કંઈ કહે છે અને કોઈ કંઈ કહે છે, તેમાં કયો મત સાચો
એ વિવેક બની શકે એવો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કોની જાતિમાં મોક્ષ છે કોના વેષમાં મોક્ષ,
એનો નિશ્ચય ના બને, ઘણા ભેદ એ દોષ. ૯૪

બ્રાહ્મણાદિ કઈ જાતિમાં મોક્ષ છે, અથવા કયા વેષમાં મોક્ષ છે, એનો નિશ્ચય પણ ન બની શકે એવો છે, કેમકે તેવા ઘણા ભેદો છે, અને એ દોષે પણ મોક્ષનો ઉપાય પ્રાપ્ત થવા યોગ્ય દેખાતો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેથી એમ જણાય છે કે મોક્ષનો ઉપાય પ્રાપ્ત થઈ શકે એવું નથી, માટે જીવાદિનું સ્વરૂપ જાણવાથી પણ શું ઉપકાર થાય ? અર્થાત્ જે પદને અર્થે જાણવાં જોઈએ તે પદનો ઉપાય પ્રાપ્ત થવો અશક્ય દેખાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાંચે ઉત્તરથી દીધું, સમાધાન સર્વાંગ;
સમજ્યું મોક્ષ ઉપાય તો, ઉદય ઉદય સદ્ભાગ્યને. ૮૬

આપે પાંચે ઉત્તર કહ્યાં તેથી સર્વાંગ એટલે બધી રીતે મારી શંકાનું સમાધાન થયું છે; પણ જો મોક્ષનો ઉપાય સમજું તો સદ્ભાગ્યનો ઉદય-ઉદય થાય. અત્રે 'ઉદય' 'ઉદય' બે વાર શબ્દ છે, તે પાંચ ઉત્તરના સમાધાનથી થયેલી મોક્ષપદની જિજ્ઞાસાનું તીવ્રપણું દર્શાવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



સમાધાન–સદ્‌ગુરુ ઉવાચ.

(મોક્ષનો ઉપાય છે, એમ સદ્‌ગુરુ સમાધાન કરે છે :-)

પાંચે ઉત્તરની તારા આત્માને વિષે પ્રતીતિ થઈ છે, તો મોક્ષના ઉપાયની પણ એ જ રીતે તને સહજમાં પ્રતીતિ થશે. અત્રે 'થશે' અને 'સહજ' એ બે શબ્દ સદ્‌ગુરુએ કહ્યા છે તે જેને પાંચે પદની શંકા નિવૃત્ત થઈ છે તેને મોક્ષોપાય સમજાવો કંઈ કઠણ જ નથી એમ દર્શાવવા, તથા શિષ્યનું વિશેષ જિજ્ઞાસુપણું જાણી અવશ્ય તેને મોક્ષોપાય પરિણમશે એમ ભાસવાથી (તે વચન) કહ્યાં છે; એમ સદ્‌ગુરુનાં વચનનો આશય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર્મ-ભાવ અજ્ઞાન છે, મોક્ષ ભાવ નિર્જરા,
અંધકાર અજ્ઞાનવત્, નાશે જ્ઞાનપ્રકાશ. ૯૮

કર્મભાવ છે તે જીવનુ અજ્ઞાન છે અને મોક્ષભાવ છે તે જીવના પોતાના સ્વરૂપને વિષે સ્થિતિ થવી તે છે. અજ્ઞાનનો સ્વભાવ અંધકાર જેવો છે. તેથી જેમ પ્રકાશ થતાં ઘણા કાળનો અંધકાર છતાં નાશ પામે છે, તેમ જ્ઞાનપ્રકાશ થતાં અજ્ઞાન પણ નાશ પામે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે જે કારણો કર્મબંધનાં, તેહ બંધનો પંથ;
તે કારણ છેદક દશા, મોક્ષ-પંથ ભવઅંત. ૧૧૮

જે જે કારણો કર્મબંધનાં છે, તે તે કર્મબંધનો માર્ગ છે; અને તે તે કારણોને છેદે
એવી જે દશા છે તે મોક્ષનો માર્ગ છે, ભવનો અંત છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાગ, દ્વેષ અજ્ઞાન એ, મુખ્ય કર્મની ગ્રંથ,
થાયે નિવૃત્તિ જેહથી, તે જ મોક્ષનો પંથ. ૧૦૦

રાગ, દ્વેષ અને અજ્ઞાન એનું એકત્વ એ કર્મની મુખ્ય ગાંઠ છે; અર્થાત્ એ વિના કર્મનો બંધ ન થાય; તેની જેથી નિવૃત્તિ થાય તે જ મોક્ષનો માર્ગ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આત્મા સત ચૈતન્યમય, સર્વાભાસ રહીત,
અન્ય કેવળ પ્રાપીએ, મોક્ષપંથ તે રીત ૧૦૧

'સત્' એટલે 'અવિનાશી', અને 'ચૈતન્યમય' એટલે 'સર્વભાવને પ્રકાશવારૂપ સ્વભાવમય' 'અન્ય સર્વ વિભાવ અને દેહાદિ સંયોગના આભાસથી રહિત એવો', 'કેવળ' એટલે 'શુદ્ધ આત્મા' પામીએ તેમ પ્રવર્તાય તે મોક્ષમાર્ગ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર્મ અનંત પ્રકારનાં, તેમાં મુખ્યે આઠ,
તેમાં મુખ્યે મોહનીય છે. હણાયે તે કહું પાઠ. ૧૦૨

કર્મ અનંત પ્રકારનાં છે, પણ તેના મુખ્ય જ્ઞાનાવરણાદિ આઠ પ્રકાર થાય છે.
તેમાં પણ મુખ્ય મોહનીયકર્મ છે. તે મોહનીયકર્મ હણાય તેનો પાઠ કહું છું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દર્શન મોહનીયના બે ભેદ છે, દર્શન ચારિત્ર નામ,
હણે જોધ વીતરાગતા, અચૂક ઉપાય આમ. ૧૦૩

તે મોહનીય કર્મ બે ભેદે છે :- એક 'દર્શનમોહનીય' એટલે 'પરમાર્થને વિષે અપરમાર્થબુદ્ધિ અને અપરમાર્થને વિષે પરમાર્થબુદ્ધિરૂપ'; બીજી 'ચારિત્રમોહનીય'; 'તથારૂપ પરમાર્થને પરમાર્થ જાણીને આત્મસ્વભાવમાં જે સ્થિરતા થાય, તે સ્થિરતાને રોધક એવા પૂર્વસંસ્કારરૂપ કષાય અને નોકષાય', તે ચારિત્રમોહનીય.

દર્શનમોહનીયને આત્મબોધ, અને ચારિત્રમોહનીયને વીતરાગપણું નાશ કરે છે. આમ તેના અચૂક ઉપાય છે, કેમકે મિથ્યાબોધ તે દર્શનમોહનીય છે, તેનો પ્રતિપક્ષ સત્યાત્મબોધ છે અને ચારિત્રમોહનીય રાગાદિક પરિણામરૂપ છે, તેનો પ્રતિપક્ષ વીતરાગભાવ છે. એટલે અંધકાર જેમ પ્રકાશ થવાથી નાશ પામે છે, - તે તેના અચૂક ઉપાય છે, - તેમ બોધ અને વીતરાગતા દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયરૂપ અંધકાર ટાળવામાં પ્રકાશસ્વરૂપ છે; માટે તે તેનો અચૂક ઉપાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર્મબંધ ક્રોધાદિથી, હણે ક્ષમાદિક તેહ,
પ્રત્યક્ષ અનુભવ સર્વને, એમાં શો સંદેહ? ૧૦૪

ક્રોધાદિ ભાવથી કર્મબંધ થાય છે, અને ક્ષમાદિક ભાવથી તે હણાય છે; અર્થાત્ ક્ષમા રાખવાથી ક્રોધ રોકી શકાય છે, સરળતાથી માયા રોકી શકાય છે, સંતોષથી લોભ રોકી શકાય છે; એમ રતિ, અરતિ આદિના પ્રતિપક્ષથી તે તે દોષો રોકી શકાય છે, તે જ કર્મબંધનો નિરોધ છે; અને તે જ તેની નિવૃત્તિ છે. વળી સર્વને આ વાતનો પ્રત્યક્ષ અનુભવ છે, અથવા સર્વને પ્રત્યક્ષ અનુભવ થઈ શકે એવું છે. ક્રોધાદિ રોક્યાં રોકાય છે, અને જે કર્મબંધને રોકે છે, તે અકર્મદશાનો માર્ગ છે. એ માર્ગ પરલોકે નહીં, પણ અત્રે અનુભવમાં આવે છે, તો એમાં સંદેહ શો કરવો ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છોડી મતદર્શનતણો, આગ્રહ તેમ વિકલ્પ,
કહ્યો માર્ગ આ સેવતાં, અલ્પ કાળ ભવ અલ્પ. ૧૦૮

આ મારો મત છે, માટે મારે વળગી જ રહેવું, અથવા આ મારું દર્શન છે, માટે ગમે તેમ મારે તે સિદ્ધ કરવું એવો આગ્રહ અથવા એવા વિકલ્પને છોડીને આ જે માર્ગ કહ્યો છે, તે સાધશે, તેના અલ્પ જન્મ જાણવા.

અહીં 'જન્મ' શબ્દ બહુવચનમાં વાપર્યો છે, તે એટલું જ દર્શાવવાને કે ક્વચિત્ તે સાધન અધૂરાં રહ્યાં તેથી, અથવા જઘન્ય કે મધ્યમ પરિણામની ધારાથી આરાધન થયાં હોય, તેથી સર્વ કર્મ ક્ષય થઈ ન શકવાથી બીજો જન્મ થવાનો સંભવ છે; પણ તે બહુ નહીં; બહુ જ અલ્પ. 'સમકિત આવ્યા પછી જો વમે નહીં, તો ઘણામાં ઘણા પંદર ભવ થાય', એમ જિને કહ્યું છે, અને 'જે ઉત્કૃષ્ટપણે આરાધે તેનો તે ભવે પણ મોક્ષ થાય'; અત્રે તે વાતનો વિરોધ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છ પદનાં છ પ્રશ્ન તે, પૂછ્યાં કરી વિચાર,
તે પદની સર્વાંગતા, મોક્ષમાર્ગ નિર્ધાર. ૨૦૬

હે શિષ્ય ! તેં છ પદનાં છ પ્રશ્નો વિચાર કરીને પૂછ્યાં છે, અને તે પદની સર્વાંગતામાં મોક્ષમાર્ગ છે, એમ નિશ્ચય કર. અર્થાત્ એમાંનું કોઈ પણ પદ એકાંતે કે અવિચારથી ઉત્થાપતાં મોક્ષમાર્ગ સિદ્ધ થતો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જાતિ, વેષનો ભેદનહિ, કહ્યો માર્ગ જો હોય,
સાધે તે મુકતી લહે, એમાં ભેદ ન જોય. ૨૦૭

જે મોક્ષનો માર્ગ કહ્યો તે હોય તો ગમે તે જાતિ કે વેષથી મોક્ષ થાય, એમાં કંઈ ભેદ નથી. જે સાધે તે મુક્તિપદ પામે; અને તે મોક્ષમાં પણ બીજા કશા પ્રકારનો ઊંચનીચત્વાદિ ભેદ નથી, અથવા આ વચન કહ્યાં તેમાં બીજો કંઈ ભેદ એટલે ફેર નથી.

Jain Education International For Private & Personal Use Only

www.jainelibrary.org

કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ,
ભવે ખેદ અંતરદયા, તે કહિયે જિજ્ઞાસ. ૧૦૮

ક્રોધાદિ કષાય જેના પાતળા પડ્યા છે, માત્ર આત્માને વિષે મોક્ષ થવા સિવાય બીજી કોઈ ઈચ્છા નથી, અને સંસારના ભોગ પ્રત્યે ઉદાસીનતા વર્તે છે; તેમ જ પ્રાણી પર અંતરથી દયા વર્તે છે, તે જીવને મોક્ષમાર્ગનો જિજ્ઞાસુ કહીએ, અર્થાત્, તે માર્ગ પામવા યોગ્ય કહીએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે જિજ્ઞાસુ જીવને જો સદ્‌ગુરુનો ઉપદેશ પ્રાપ્ત થાય તો તે સમકિતને પામે,
અને અંતરની શોધમાં વર્તે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મતદર્શન આગ્રહ તજી, વર્તે સદ્‌ગુરુલક્ષી,
લહે શુદ્ધ સમકિત તે, જેમાં ભેદ ન પક્ષ. ૧૨૦

મત અને દર્શનનો આગ્રહ છોડી દઈ જે સદ્‌ગુરુને લક્ષે વર્તે, તે શુદ્ધ
સમકિતને પામે કે જેમાં ભેદ તથા પક્ષ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વર્તે નિજ સ્વભાવનો, અનુભવ લક્ષ પ્રતીત,
વૃત્તિ રહે નિજ ભાવમાં, પરમાર્થે સમકીત.૧૧૧

આત્મસ્વભાવનો જ્યાં અનુભવ, લક્ષ અને પ્રતીત વર્તે છે, તથા વૃત્તિ આત્માના સ્વભાવમાં વહે છે, ત્યાં પરમાર્થે સમકિત છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વર્ધમાન સમકીત થઈ, ટાળે મિથ્યાભાસ,
ઉદય થાય આચરણનો, વીતરાગપદવાસ. ૧૧૨

તે સમકિત વધતી જતી ધારાથી હાસ્ય શોકાદિથી જે કંઈ આત્માને વિષે મિથ્યાભાસ ભાસ્યા છે તેને ટાળે, અને સ્વભાવ સમાધિરૂપ ચારિત્રનો ઉદય થાય, જેથી સર્વ રાગદ્વેષના ક્ષયરૂપ વીતરાગપદમાં સ્થિતિ થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેવળ નિજ સ્વભાવનું, અખંડ વર્તે જ્ઞાન,
કહીએ કેવળજ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ. ૧૨૩

સર્વ આભાસરહિત આત્મસ્વભાવનું જ્યાં અખંડ એટલે ક્યારે પણ ખંડિત ન થાય, મંદ ન થાય, નાશ ન પામે એવું જ્ઞાન વર્તે તેને કેવળજ્ઞાન કહીએ છીએ. જે કેવળજ્ઞાન પામ્યાથી ઉત્કૃષ્ટ જીવન્મુક્તદશારૂપ નિર્વાણ, દેહ છતાં જ અત્રે અનુભવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કોટિ વર્ષનું સ્વપ્ન પણ, જાગ્રત થતાં શમાય,
તેમ વિભાવ અનાદિનો, જ્ઞાન થતાં દૂર થાય. ૨૨૪

કરોડો વર્ષનું સ્વપ્ન હોય તોપણ જાગ્રત થતાં તરત શમાય છે, તેમ અનાદિનો વિભાવ છે તે આત્મજ્ઞાન થતાં દૂર થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ,
નહિ ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ. ૧૨૬

હે શિષ્ય ! દેહમાં જે આત્મતા મનાઈ છે, અને તેને લીધે સ્ત્રીપુત્રાદિ સર્વમાં અહંમમત્વપણું વર્તે છે, તે આત્મતા જો આત્મામાં જ મનાય, અને તે દેહાધ્યાસ એટલે દેહમાં આત્મબુદ્ધિ તથા આત્મામાં દેહબુદ્ધિ છે તે છૂટે, તો તું કર્મનો કર્તા પણ નથી, અને ભોક્તા પણ નથી; અને એ જ ધર્મનો મર્મ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ જ ધર્મથી મોક્ષ છે, તું જ મોક્ષસ્વરૂપ,
અનંત દર્શન જ્ઞાન તું, અવ્યાબાધ સ્વરૂપ. ૧૧૬

એ જ ધર્મથી મોક્ષ છે, અને તું જ મોક્ષસ્વરૂપ છો; અર્થાત્ શુદ્ધ આત્મપદ એ જ મોક્ષ છે. તુ અનંત જ્ઞાન દર્શન તથા અવ્યાબાધ સુખસ્વરૂપ છો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શુદ્ધ છું શુદ્ધ ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ સુખધામ;
બીજું કહિયે કેટલું, કર વિચાર તો પામ. ૧૧૭

તું દેહાદિક સર્વ પદાર્થથી જુદો છે. કોઈમાં આત્મદ્રવ્ય ભળતું નથી, કોઈ તેમાં ભળતું નથી, દ્રવ્યે દ્રવ્ય પરમાર્થથી સદાય ભિન્ન છે, માટે તું શુદ્ધ છો, બોધસ્વરૂપ છો, ચૈતન્યપ્રદેશાત્મક છો; સ્વયંજ્યોતિ એટલે કોઈ પણ તને પ્રકાશતું નથી, સ્વભાવે જ તું પ્રકાશસ્વરૂપ છો; અને અવ્યાબાધ સુખનું ધામ છો. બીજું કેટલું કહીએ ? અથવા ઘણું શું કહેવું ? ટૂંકામાં એટલું જ કહીએ છીએ, જો વિચાર કર તો તે પદને પામીશ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિશ્ચયે સર્વજ્ઞાનિનો, આવી અત્રે સમાયે,
ધરી મૌનતા બોધફલિ, સહજ સમાધિમાંયે. ૧૨૮

સર્વે જ્ઞાનીઓનો નિશ્ચય અત્રે આવી સમાય છે; એમ કહીને સદ્‌ગુરુ મૌનતા ધરીને સહજ સમાધિમાં સ્થિત થયા, અર્થાત્ વાણીયોગની અપ્રવૃત્તિ કરી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શિષ્યબોધબીજપ્રાપ્તિ.

સદ્‌ગુરુના ઉપદેશથી, આત્મું અપૂર્વજ્ઞાન,
નિજપદ નિજમાંહી લહ્યું, દૂર થયું અજ્ઞાન. ૧૨૯

શિષ્યબોધબીજપ્રાપ્તિકથન :-

શિષ્યને સદ્‌ગુરુના ઉપદેશથી અપૂર્વ એટલે પૂર્વે કોઈ દિવસ નહીં આવેલું એવું ભાન આવ્યું, અને તેને પોતાનું સ્વરૂપ પોતાને વિષે યથાતથ્ય ભાસ્યું, અને દેહાત્મબુદ્ધિરૂપ અજ્ઞાન દૂર થયું.

Jain Education International For Private & Personal Use Only

www.jainelibrary.org

ભાસ્યું નિજ સ્વરૂપ તે, શુદ્ધ ચેતના રૂપ,
અજર અમર અવિનાશી ને, દેહાતીત સ્વરૂપ.૧૨૦

પોતાનું સ્વરૂપ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, અજર, અમર,અવિનાશી અને
દેહથી સ્પષ્ટ જુદું ભાસ્યું.

શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર્તા ભોક્તા કર્મનો, વિભાવ વર્તે જ્યાંય,
વૃત્તિ વહી નિજભાવમાં, થયો અકર્તા ત્યાંય. ૧૨૨

જ્યાં વિભાવ એટલે મિથ્યાત્વ વર્તે છે, ત્યાં મુખ્ય નયથી કર્મનું કર્તાપણું અને ભોક્તાપણું છે; આત્મસ્વભાવમાં વૃત્તિ વંહી તેથી અકર્તા થયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અથવા નિજપરિણામ જે, શુદ્ધ ચેતનારૂપ,
કર્તા ભોક્તા તેહનો, નિર્વિકલ્પસ્વરૂપ. ૧૨૩

અથવા આત્મપરિણામ જે શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છે, તેનો નિર્વિકલ્પસ્વરૂપે
કર્તાભોક્તા થયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મોક્ષ કહ્યો નિજશુદ્ધતા, તે પામે તે પંથ;
સમજાવ્યો સંક્ષેપમાં, સકળ માર્ગ નિર્ગ્રંથ. ૧૨૩

આત્માનું શુદ્ધપદ છે તે મોક્ષ છે અને જેથી તે પમાય તે તેનો માર્ગ છે;
શ્રી સદ્‌ગુરુએ કૃપા કરીને નિર્ગ્રંથનો સર્વ માર્ગ સમજાવ્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહો! અહો! શ્રી સદ્ગુરુ, કરુણાસિંધુ અપાર,
આ પામર પર પ્રભુ કર્યો, અહો! અહો! ઉપકાર.૧૨૪

અહો ! અહો ! કરુણાના અપાર સમુદ્રસ્વરૂપ આત્મલક્ષ્મીએ યુક્ત સદ્ગુરુ,
આપ પ્રભુએ આ પામર જીવ પર આશ્ચર્યકારક એવો ઉપકાર કર્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શું પ્રભુ ચરણને ધરું, આત્માદિ સૌ હીન;
તે તો પ્રભુએ આપિયો, વર્તું ચરણાધીન. ૨૨૮

હું પ્રભુના ચરણ આગળ શું ધરું ? (સદ્‌ગુરુ તો પરમ નિષ્કામ છે; એક નિષ્કામ કરુણાથી માત્ર ઉપદેશના દાતા છે, પણ શિષ્યધર્મે શિષ્યે આ વચન કહ્યું છે.) જે જે જગતમાં પદાર્થ છે, તે સૌ આત્માની અપેક્ષાએ નિર્મૂલ્ય જેવા છે, તે આત્મા તો જેણે આપ્યો તેના ચરણસમીપે હું બીજું શુ ધરું ? એક પ્રભુના ચરણને આધીન વર્તું એટલું માત્ર ઉપચારથી કરવાને હું સમર્થ છું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ દેહાદી આજથી, વર્તો પ્રભુ આધીન,
દાસ, દાસ હું દાસનો છું, તેહ પ્રભુનો દીન. ૧૨૬

આ દેહ, 'આદિ' શબ્દથી જે કંઈ મારું ગણાય છે તે, આજથી કરીને સદ્‌ગુરુ પ્રભુને આધીન વર્તો, હું તેહ પ્રભુનો દાસ છું, દાસ છું, દીન દાસ છું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બટ્સ્થાનક સમજાવીને, ભિન્ન બતાવ્યો આપ,
મ્યાન થકી તરવારવત્, એ ઉપકાર અમાપ. ૧૨૭

છયે સ્થાનક સમજાવીને હે સદ્‌ગુરુદેવ ! આપે દેહાદિથી આત્માને, જેમ મ્યાનથી તરવાર જુદી કાઢીને બતાવીએ, તેમ સ્પષ્ટ જુદો બતાવ્યો; આપે મપાઈ શકે નહીં એવો ઉપકાર કર્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપસંહાર

દર્શન ષટે શમાય છે, આ ષટ્ સ્થાનક માંહિ,
વિચારતાં વિસ્તારથી, સંશય રહે ન કાંઈ. ૧૩૮

ઉપસંહાર :-

છયે દર્શન આ છ સ્થાનકમાં સમાય છે. વિશેષ કરીને વિચારવાથી કોઈ પણ પ્રકારનો સંશય રહે નહીં.

Jain Education International For Private & Personal Use Only

www.jainelibrary.org

આત્મજ્ઞાનિ સમ રોગનાહિ, સદ્‌ગુરૂ વૈદ્ય સુજાણ;
ગુરૂ આજ્ઞા સમ પથ્થ નાહિ, ઔષધ વિચાર ધ્યાન. ૧૨૮

આત્માને પોતાના સ્વરૂપનું ભાન નહીં એવો બીજો કોઈ રોગ નથી, સદ્‌ગુરુ જેવા તેના કોઈ સાચા અથવા નિપુણ વૈદ્ય નથી, સદ્‌ગુરુ આજ્ઞાએ ચાલવા સમાન બીજું કોઈ પથ્થ નથી, અને વિચાર તથા નિદિધ્યાસન જેવું કોઈ તેનું ઔષધ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જો ઇચ્છો પરમાર્થતો, કરો સત્ય પુરુષાર્થ,
ભવસ્થિતિ આદિ નામલઈ, છેદો નહિ આત્માર્થ ૧૩૰

જો પરમાર્થને ઈચ્છતા હો, તો સાચો પુરુષાર્થ કરો, અને ભવસ્થિતિ આદિનું
નામ લઈને આત્માર્થને છેદો નહીં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિશ્ચયે કારણ સાંભળ્યા, સાધન તજવું નોય,
નિશ્ચયે રાખ્યા લક્ષમાં, સાધન કરવું સોય. ૧૩૧

આત્મા અબંધ છે, અસંગ છે, સિદ્ધ છે એવી નિશ્ચયમુખ્ય વાણી સાંભળીને સાધન તજવાં યોગ્ય નથી. પણ તથારૂપ નિશ્ચય લક્ષમાં રાખી સાધન કરીને તે નિશ્ચયસ્વરૂપ પ્રાપ્ત કરવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નહિ નિશ્ચયે એકાંતથી, આત્મા નથી ફળેજી,
એકાંતે વ્યવહાર નહિ, બને સાથે રહેજી. ૧૩૨

અત્રે એકાંતે નિશ્ચયનય કહ્યો નથી, અથવા એકાંતે વ્યવહારનય કહ્યો નથી;
બેય જ્યાં જ્યાં જેમ ઘટે તેમ સાથે રહ્યાં છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગચ્છ મતની જે કલ્પના, તે નહિ સદ્વ્યવહાર,
ભાન નહીં નિજ રૂપનું, તે નિશ્ચયે નહીં સાર. ૧૩૩

ગચ્છ મતની કલ્પના છે તે સદ્વ્યવહાર નથી, પણ આત્માર્થીના લક્ષણમાં કહી તે દશા અને મોક્ષોપાયમાં જિજ્ઞાસુનાં લક્ષણ આદિ કહ્યાં તે સદ્વ્યવહાર છે; જે અત્રે તો સંક્ષેપમાં કહેલ છે. પોતાના સ્વરૂપનું ભાન નથી, અર્થાત્ જેમ દેહ અનુભવમાં આવે છે, તેવો આત્માનો અનુભવ થયો નથી, દેહાધ્યાસ વર્તે છે, અને જે વૈરાગ્યાદિ સાધન પામ્યા વિના નિશ્ચય પોકાર્યા કરે છે, તે નિશ્ચય સારભૂત નથી. (૧૩૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આગળ જ્ઞાની થઈ ગયા, વર્તમાનમાં હોય,
પરંતુ કાળ ભવિષ્યમાં, માર્ગ ભેદ નાહીં કોય. ૧૩૪

ભૂતકાળમાં જે જ્ઞાનીપુરુષો થઈ ગયા છે, વર્તમાનકાળમાં જે છે, અને ભવિષ્યકાળમાં થશે, તેને કોઈને માર્ગનો ભેદ નથી, અર્થાત્ પરમાર્થે તે સૌનો એક માર્ગ છે; અને તેને પ્રાપ્ત કરવા યોગ્ય વ્યવહાર પણ તે જ પરમાર્થસાધકરૂપે દેશ કાળાદિને લીધે ભેદ કહ્યો હોય છતાં એક ફળ ઉત્પન્ન કરનાર હોવાથી તેમાં પણ પરમાર્થે ભેદ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સર્વ જીવ છે સિદ્ધસમ, જે સમજે તે પામે,
સદ્‌ગુરુ આજ્ઞા વિનદશા, નિમિત્ત કારણમાંય. ૧૩૮

સર્વ જીવને વિષે સિદ્ધ સમાન સત્તા છે, પણ તે તો જે સમજે તેને પ્રગટ થાય. તે પ્રગટ થવામાં સદ્‌ગુરુની આજ્ઞાથી પ્રવર્તવું, તથા સદ્‌ગુરુએ ઉપદેશેલી એવી જિનદશાનો વિચાર કરવો, તે બેય નિમિત્ત કારણ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપાદાનનું નામ લઈ, જે જે વેગે નિમિત્ત,
પામે નહીં સિદ્ધત્વને, રહે ભ્રાંતિમાં સ્થિત. ૨૩૬

સદ્‌ગુરુઆજ્ઞા આદિ તે આત્મસાધનનાં નિમિત્ત કારણ છે, અને આત્માનાં જ્ઞાન દર્શનાદિ ઉપાદાન કારણ છે, એમ શાસ્ત્રમાં કહ્યું છે; તેથી ઉપાદાનનું નામ લઈ જે કોઈ તે નિમિત્તને તજશે તે સિદ્ધપણાને નહીં પામે, અને ભ્રાંતિમાં વર્ત્યા કરશે, કેમકે સાચા નિમિત્તના નિષેધાર્થે તે ઉપાદાનની વ્યાખ્યા શાસ્ત્રમાં કહી નથી, પણ ઉપાદાન અજાગ્રત રાખવાથી તારું સાચાં નિમિત્ત મળ્યા છતાં કામ નહીં થાય, માટે સાચાં નિમિત્ત મળ્યે તે નિમિત્તને અવલંબીને ઉપાદાન સન્મુખ કરવું, અને પુરુષાર્થરહિત ન થવું; એવો શાસ્ત્રકારે કહેલી તે વ્યાખ્યાનો પરમાર્થ છે.

Jain Education International For Private & Personal Use Only

www.jainelibrary.org

મુખથી જ્ઞાન કહી અને, અંતર છૂટ્યો ન મોહ,
તે પામર પ્રાણી કરે, માત્ર જ્ઞાનીનો દ્રોહ.૨૩૦

મુખથી નિશ્ચયમુખ્ય વચનો કહે છે, પણ અંતરથી પોતાને જ મોહ છૂટ્યો નથી, એવા પામર પ્રાણી માત્ર જ્ઞાની કહેવરાવવાની કામનાએ સાચા જ્ઞાની પુરુષનો દ્રોહ કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ, વૈરાગ્ય,
હોય મુમુક્ષુ ઘટવિષે, એહ સદાય સુજાગ્ય. ૧૩૮

દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ અને વૈરાગ્ય એ ગુણો મુમુક્ષુના ઘટમાં સદાય સુજાગ્ય એટલે જાગ્રત હોય, અર્થાત્ એ ગુણો વિના મુમુક્ષુપણું પણ ન હોય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મોહભાવ ક્ષય દોય જ્યાં, અથવા દોય ઉપશાંત,
તે કહીએ જ્ઞાન દશા, બાકી કહીએ ભ્રાંત ૧૩૯

મોહભાવનો જ્યાં ક્ષય થયો હોય, અથવા જ્યાં મોહદશા બહુ ક્ષીણ થઈ હોય,
ત્યાં જ્ઞાનીની દશા કહીએ, અને બાકી તો જેણે પોતામાં જ્ઞાન માની લીધું છે,
તેને ભ્રાંતિ કહીએ.

Jain Education International For Private & Personal Use Only
 www.jainelibrary.org

સકળ જગત તે અઠેકા, અથવા સ્વપ્ન સમાન,
તે જ્ઞાનીને જ્ઞાનદશા, બાકી વાચા જ્ઞાન. ૯૮

સમસ્ત જગત જેણે એઠ જેવું જાણ્યું છે, અથવા સ્વપ્ન જેવું જગત જેને જ્ઞાનમાં વર્તે છે તે જ્ઞાનીની દશા છે, બાકી માત્ર વાચાજ્ઞાન એટલે કહેવા માત્ર જ્ઞાન છે.

શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થાનક પાંચ વિચારીને, છઠ્ઠે વર્ત્તે જેહ,
પામે સ્થાનક પાંચમું, મોક્ષ તણું જે ગેહ. ૧૪૨

પાંચે સ્થાનકને વિચારીને જે છઠ્ઠે સ્થાનકે વર્તે, એટલે તે મોક્ષના જે ઉપાય કહ્યા છે તેમાં પ્રવર્તે તે પાંચમું સ્થાનક એટલે મોક્ષપદ, તેને પામે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત,
તે જ્ઞાનીનાં ચરણમાં, હો! વંદન અગણિત. ૧૪૨

પૂર્વપ્રારબ્ધયોગથી જેને દેહ વર્તે છે, પણ તે દેહથી અતીત એટલે દેહાદિની કલ્પનારહિત, આત્મામય જેની દશા વર્તે છે, તે જ્ઞાની પુરુષના ચરણકમળમાં અગણિત વાર વંદન હો!

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



જન્મ સ્થળ. વવાણિયા



જાતિસ્મૃતિ જ્ઞાન. વવાણિયા



શતાવધાનના પ્રયોગ. મુંબઇ



સાત મુનિઓને ઉપદેશ. ઇડર



શ્રીમદ્‌જી અને ગાંધીજી. મુંબઈ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"હું આત્મા છું,
આપનો સેવક છું,
સૌનો મિત્ર છું."

શ્રી આત્માનંદજી

શ્રી સત્શ્રુત સેવા સાધના કેન્દ્ર



શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર
(શ્રી સત્શ્રુત સેવા સાધના કેન્દ્ર સંચાલિત)
કોબા. જિ. ગાંધીનગર-૩૮૨૦૦૯ (ગુજરાત) ફોન: (૦૨૭૧૨) ૭૬૨૧૯ ફેક્સ: ૭૬૧૪૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org